**માહિતી અધિકારનો કાયદો ૨૦૦૫ની કલમ ૪ (૧) અન્વયે નેટવર્ક ઉપર રજુ કરવાની થતી માહિતી.**

૧. વિકલાંગ વ્યક્તિઓના કમિશનરની કચેરીનું વ્યવસ્થાપ્ત્ર, કાર્યો અને ફરજોની વિગત. આ કચેરી વિકલાંગ (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો-૧૯૯૫ ની કલમ-૬૦ અન્વયે અસ્તિત્વમાં આવેલ છે.

કમિશનર (વિકલાંગ ધારાની કલમ-૬૦ મુજબ)
↓

↓ મદદનીશ કમિશનર ( વર્ગ-૧)
વિહવટી અને નાણાંકિય કામગીરી

↓ અંગત ચચિવ સ્ટેનો ગ્રેડ-૧ (વર્ગ-૨)
↓
ડ્રાયવર

↓ કચેરી સચિવ (વર્ગ-૨)
- કોર્ટ કેસોની કામગીરી
- મુખ્ય કમિશનરશ્રી તરફથી મળતા કેસોની કામગીરી

↓ કાયદા મદદનીશ (વર્ગ-૨)
- મોબાઇલ કોર્ટની કામગીરી
- હાઇકોર્ટના કેસો

↓ અધિક્ષક કમ નઝીર

↓ કલાર્ક ↓ કલાર્ક કમ ટાઇપીસ્ટ ↓ પટાવાળા

કાર્યોઃ-

આ કચેરીનો સમય ગુજરાત સરકાર ધ્વારા નિયત થયેલ કચેરી કાર્ય સમય સવાર ૧૦-૩૦ કલાકથી સાંજે ૬-૧૦ કલાક સુધીનો છે અને ગુજરાત સરકાર ધ્વારા જાહેર થયેલ રજાના દિવસોએ કચેરી બંધ રહે છે. આ કચેરીને અન્ય કોઇ જીલ્લા કે તાબાની કચેરીઓના નથી. આ કચેરી નીચેના કાર્યો કરે છે.

(એ) વિકલાંગ વ્યક્તિઓના લાભાથે ચાલતા કાર્યક્રમો અને યોજનાઓ માટે રાજ્ય સરકારના ખાતાઓ વચ્ચે સંકલન કરશે.

(બી) રાજ્ય સરકાર ધ્વારા ફાળવેલ ભંડોળના ઉપયોગનું નિયત્રંણ કરશે.

(સી) વિકલાંગ વ્યક્તિઓ માટે ઉપ્લબ્ધ સવલતો અને અધિકારોનું રક્ષણ કરવા પગલાં ભરાશે.

(ડી) સરકાર નિયત કરે એ સમયાંતરે આ ધારાના અમલીકરણ પરત્વે રાજ્ય સરકારને અહેવાલ મોકલા છે અને તેની નકલ મુખ્ય કમિશનરને મોકલાશે.

(ઇ) કમિશનર સ્વેચ્છાએ કે અન્યાય પામેલી વ્યકિતની અરજીના આધારે કે અન્ય રીતે નીચેની બાબતો સંબંધીત ફરીયાદોની તપાસ કરશેઃ-

(૧) વિકલાંગ વ્યકિતના અધિકારનો ભંગ.

(૨) કાયદાઓ, ઉપનિયમો, ધારા ધોરણો, કારોબારી હુકમો, નિદેશો કે સુચનાઓ જે તે સરકાર કે સ્થાનિક સત્તા મંડળો ધ્વારા વિકલાંગ વ્યકિતઓના કલ્યાણ અને અધિકારોના રક્ષણ માટે ઘડાયા હોય કે જાહેર થયા હોય તેના અમલીકરણનો અભાવ અને જે તે સત્તા મંડળ પાસે તેની રજૂઆત.

**ફરજોઃ-**

વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રી રાજય સરકાર ધ્વારા નિયત થયેલ સ્વરૂપ્ો અને સમયે પ્રત્યેક નાણાંકિય વર્ષે દરમ્યાન તેમની પ્રવૃત્તિઓનું વિવરણ કરતો વાષિક અહેવાલ તૈયાર કરશે અને તેની એક નકલ રાજય સરકારને મોકલશે.

વિકલાંગ વ્યકિતઓના હકકોના ભંગ સંબંધેની ફરીયાદો સાંભળી તેનો યોગ્ય નિકાલ કરશે તથા સરકારના વિવિધ વિભાગોના સંકલનમાં વિકલાંગના હિત માટેની કાર્યેવાહી કરશે.

**સત્તાઓઃ-**

(૧) વિકલાંગ (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી) ધારો- ૧૯૯૫ હેઠળના કાર્યોના બજાવણીના હેતુ માટેના નીચેની બાબતે સંબંધિત ખટલો ચલાવતી વખતે સિવિલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ હેઠળ અદાલતને મળે છે. તેવી સત્તઓ ધરાવશે જેવી કેઃ

(એ) સાક્ષીઓને હાજર રાખવા, સમન્સ કાઢવા.

(બી) કોઇ પ્ાણ અદાલતી કે કચેરીમાંથી જાહેર દફતર કે સંબંધિત નકલ મેળવવા.

(ડી) સોગંધનામાઓ પર પુરાવો મેળવવો અને.

(ઇ) સાક્ષીઓ કે દસ્તાવેજોના પરિક્ષણ માટે તપાસ નિમવી.

(૨) કમિશનર પાસેની દરેક કાર્યેવાહી ભારતીય દંડ સહિતાના (૧૮૬૦નું ૪૫) વિભાગ હેઠળ ૧૯૩ અને ૨૨૮ના અર્થેમાં રહીને અદાલતી કાર્યેવાહી કરવાની રહેશે. અને કમિશનર સમક્ષ સત્ત મંડળ ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩નો ફોજદારી ધારો વિભાગ - ૧૯૫ અને પ્રકરણ ૨૬ના હેતુઓ માટે સિવિલ (મુલ્કી) અદાલત તરીકે ગણવામાં આવશે.